## સંક્ષિપ્ત સમાચાર

### પાદરાના માસરરોડ પરના રણછોડજી મંદિરના જલમાં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાશે



**પાદરા :** પાદરા તાલુકાનું માસરરોડ ગામ જ્યાં પૌરાણિક રણછોડજી મંદિર આવેલ છે. જેની સાથે દંત કથા જોડાયેલી છે. અને ડાકોર જેટલું જ મહત્વ આ મંદિરનું પણ છે. જ્યાં ધર્મપ્રેમી જનતા પૂનમ ભરવા માસરરોડ ખાતે આવતાં હોય છે. આયોજકો દ્વારા ગ્રામજનોના સહકારથી જન્માષ્ટમી, હોળી ,ધુળેટી, તુલસી વિવાહ, સહિત વસંત પંચમીના ધાર્મિક કાર્યક્રમો રંગે ચંગે ઉજવણી કરવામાં આવે છે.

### પાદરા ખાતે ધોરણ ૧ અને ૨ના નવીન અભ્યાસ ક્રમની તાલીમનું સફળ આયોજન



**પાદરા :** પાદરા તાલુકામાં બીઆરસી આયોજિત ધોરણ ૧ અને ૨ નવીન અભ્યાસક્રમ આધારિત તાલીમ નું આયોજન પાદરા તાલુકાની ૧૪૧ શાળાઓનું પાટોદ અને ચાણસદ મુકામે યોજવામાં આવેલ હતું જેમાં તાલુકાના ૧૪૨ જેટલા શિક્ષકો ની બિન નિવાસી તાલીમ યોજવામાં આવી હતી જેમાં શિક્ષકો ઉત્સાહભેર તાલીમ લેતા જોવા મળ્યા હતા. તાલુકામાં બીઆરસી તજજ્ઞો દ્વારા તાલીમ અપાઈ હતી.

### સંખેડાના આકાખેડા ગામે ડુંગરીમાતાના દર્શનાર્થે મોટી સંખ્યામાં માઇભક્તો ઉમટયા



**સંખેડા :** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના આકાખેડા ગામે ડુંગર ઉપર બિરાજમાન વિંધ્યવાસીની માતાજીના મંદિરના 15 માં પાટોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી. મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટયા હતા. સાંજે ભંડારામાં મહાપ્રસાદીનો લાભ પણ ભક્તોએ લીધો હતો. ગામ નજીક ડુંગર ઉપર બિરાજમાન વિંધ્યવાસીની માતાજીનું મંદિર આવેલું છે. મંદિર નાના ડુંગર ઉપર હોઈ આ વિસ્તારમાં ડુંગરીમાતા તરીકે પણ ઓળખાય છે.

### પાદરામાં સનાતન હિન્દુ રાષ્ટ્ર સંગઠન દ્વારા ભવ્ય ભંડારાનું આયોજન કરાયું



**પાદરા :** મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના અયોધ્યા મંદિરને એક વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણીના ભાગરૂપે સનાતન હિંદુરાષ્ટ્ર સંગઠન પાદરા દ્વારા ભવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન મહાઆરતી થવા પામી હતી. મોટી સંખ્યામાં ભક્તો દર્શન નો લાભ લીધો હતો. અયોધ્યા માં રામમંદિર ના નિમાર્ણ ને એક વર્ષ પૂર્ણ થવા ના ભાગરૂપે સનાતન હિંદુ રાષ્ટ્ર સંગઠન દ્વારા વહેલી સવારથી વિવિધ ધાર્મિક કાર્યક્રમઓ સાથે ભંડારાનું આયોજન કરાયું હતું.

### પાદરા કાછીઆ સમાજના સમૂહ લગ્ન અંતર્ગત કારોબારીની મીટીંગ મળી



**પાદરા :** પાદરામાં કાછીઆ પટેલ પ્રગતિ મંડળ પાદરા ની મળેલી કારોબારી સમિતિ મિટિંગમાં આગામી તા ૪/૨/૨૫ ના રોજ યોજાનાર ૩૧ માં સમૂહ લગ્ન ઉત્સવ અંગેનાં કામોની ચર્ચા કરી કારોબારી સભ્યોને વિવિધ કામોની વહેચણી કરવામાં આવી હતી તેમજ સમૂહ લગ્નઉત્સવ ની તૈયારી કરવા તમામ સભ્યોને પ્રમુખ દિનેશભાઈ ગાંધી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાછિઆ પટેલ મંડળ પાદરા દ્વારા 31મો સમુહ લગ્નોત્સવ માં ૧૨ દંપતીઓ પ્રભુતામાં પગલા પાડશે.

---

**અર્જુનનાથ મહાદેવ મંદિર ભેખડ ધસી જાય તો જળમગ્ન બને તેવી સ્થિતિમાં**

# અર્જુનનાથ મહાદેવ મંદિર બચાવવા માટે સંખેડાએ સજ્જડ બંધ પાડ્યો

**દિવાલ** બનાવવાની માંગણી નહી સંતોષાય તો ભૂખ હડતાળ કરવાની પણ ચીમકી ગ્રામજનો ઉચ્ચારી રહ્યા છે


(પ્રતિનિધિ) સંખેડા, તા.31

સંખેડાના અર્જુનનાથ મહાદેવ મંદિરને બચાવવા માટે ગ્રામજનો આક્રમક મૂડમાં આવી ગયા છે. નદી કિનારે સંરક્ષણ દીવાલ બનાવીને મંદિર બચાવવાની માંગણીને લઈને સંખેડાના બજારો શુક્રવારે સજ્જડ બંધ રહ્યા હતા.

સંખેડાના પૌરાણિક અર્જુનનાથ મહાદેવ મંદિરને બચાવવા ગ્રામજનો આંદોલનના માર્ગે છે અને આજે સંખેડા બંધનું એલાન આપતા સંખેડાના બજારો સજ્જડ બંધ રહ્યા છે.

સંખેડા હાંડોડ રોડ પર ઉચ્છ મળી કિનારે આવેલું પાંડવ કાલીન પૌરાણિક અર્જુનનાથ મહાદેવ મંદિર ભેખડ ધસી જાય તો જળમગ્ન બને તેવી સ્થિતિમાં આવી ગયું છે. વર્ષ 2022 ના જુલાઈ મહિનામાં ઉચ્છ નદીમાં ભારે પુર આવતા અર્જુનનાથ મહાદેવ મંદિરની પાછળના નકુલેશ્વર મહાદેવ મંદિરે જલ સમાધિ લઈ લીધી હતી. ત્યારે અર્જુનનાથ મહાદેવની નીચેથી પણ થોડી માટી ધસી પડી હતી. જેને લઈને અર્જુન નાથ મહાદેવ મંદિર ગમે ત્યારે નદીમાં જળ સમાધિ લઈ લે તેવી સ્થિતમાં છે.આ મંદિર પાંડવ કાલીન મંદિર હોવાની માન્યતા પણ રહેલી છે,

પંથકમાં લોકોની આસ્થાનું પ્રતિક બન્યું છે.લોકોમાં આ મંદિર પ્રત્યે અપરા શ્રદ્ધા જોવા મળે છે.



ઉપરોક્ત તસવીરમાં સંખેડાએ બંધ પાડયો તે દ્રશ્યમાન થાય છે

# રવાલ ગામે પરિણીતાએ ફાંસો ખાઈ લેતા અપઘાત

**બે** સંતાનની માતાએ અગમ્ય કારણસર પગલુ ભર્યુ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.31

વાઘોડિયા રવાલ ગામે રહેતા નયનાબેન સંજયભાઈ જાદવ ઉંમર વર્ષ 27 અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મૃતક મહિલાના પતિ સંજયભાઈ અને સસરા નોકરીએ ગયા હતા અને તેમની સાસુ સીમમા ઘાસચારો લેવા માટે ગયા હતા. પરીણીતાના બે સંતાનો પૈકી એક આશરે સાડા છ વર્ષનુ બાળક ગામની શાળામાં ભણવા જતા ઘરમા એક માત્ર ત્રણેક વર્ષના નાના દિકરા સાથે એકલી હતી. પરણીતાએ અગમ્ય કારણોસર પોતાના ઘરની પાછળના ભાગે છેલ્લી રૂમમાં છત પર આવેલ લોખંડની પાઈપ સાથે નાયલોન ની દોરી વડે ગાળીયો બનાવી ગળે ફાંસો ખાઈ અફઘાત કરી લિધો હતો. બપોર થતા પરણીતાની સાસુ ઘરે આવી દરવાજો ખટખટાવતા દરવાજો નહીં ખુલતા મકાનના પાછળના ભાગે જઈને જોતા પોતાના દીકરાની વહુ નાયલોન દોરી વડે ફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોઈ તેઓએ બૂમાબૂમ કરી આસપાસના લોકોને બોલાવી લઈ દાતરડા વડે દોરી કાપી જોતા નયના મૃત્યુ પામી હતી.

પરણીતાએ અગમ્ય કારણોસર પોતાના ઘરની પાછળના ભાગે છેલ્લી રૂમમાં છત પર આવેલ લોખંડની પાઈપ સાથે નાયલોન ની દોરી વડે ગાળીયો બનાવી ગળે ફાંસો ખાઈ અફઘાત કરી લિધો હતો. દીકરાની વહુ નાયલોન દોરી વડે ફાંસો ખાધેલી હાલતમાં લટકતી જોઈ તેઓએ બૂમાબૂમ કરી હતી.

જેથી રોકકડ મચાવતા બનાવ અંગે નોકરીએ ગયેલા પતિ તેમજ વાઘોડિયા પોલીસને જાણ કરતા આજવા આ.પો. પોલીસ ઘટના સ્થળે પહોંચીને મૃતક મહિલાને પોસ્ટમોર્ટમ અર્થે જરોદ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડી અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ધામમાલસર ગામે દીપડાએ અઢી વર્ષની વાછરડીનું મારણ કર્યું



(પ્રતિનિધિ) શિનોર, તા.31

શિનોર તાલુકાના પવિત્ર ધામમાલસર મુકામે આવેલ રેલવે સ્ટેશન નજીક ત્રાટકેલા દીપડાએ અઢી વર્ષની વાછરડીનું મારણ કરતા સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

શિનોર તાલુકામાં દીપડાનો આંતક સતત વધી રહ્યો છે.દીપડો એક બાદ એક પશુઓનું મારણ કરતાં હોય તેવા અવાર નવાર બનાવો સામે આવી રહ્યા છે,જેને લઈને લોકોમાં એક ભય નો માહોલ જોવા મળી રહ્યો છે,ત્યારે શિનોર તાલુકાના માલસર મુકામે વધુ એક દીપડા દ્વારા પશુનું મારણ કર્યા નો બનાવ સામે આવ્યો છે,જેમાં માલસર ગામે રેલવે સ્ટેશન નજીક એક દીપડો ત્રાટક્યો હતો,અને ત્યાં પશુપાલક રામદાસ વસાવાએ રેલવે સ્ટેશન ની બાજુમાં બાંધેલા પશુઓ પૈકી એક આશરે અઢી વર્ષની વાછરડીનું મારણ કરી દીપડો ભાગી ગયો હતો,જ્યારે પશુપાલક રામદાસ વસાવા સવારે દૂધ કાઢવા માટે ગયા ત્યારે સ્થળ પર મૃત હાલતમાં વાછરડી પડેલી જોવા મળી હતી, અંગેની વાત વાયુવેગે સમગ્ર ગામમાં પ્રસરી જતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે,ત્યારે તંત્ર દ્વારા સત્વરે દીપડાને પાંજરે પુરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# જરોદ ગામે જુગાર રમતાં ચાર ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.31

વાઘોડિયા જરોદ પોલીસ સ્ટેશનના પીઆઈ બારોટને મડેલ બાતમીના આધારે જરોદની મધુવન નગરીની પાછળ ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ઈસમો ગોળ કુંડાળુ વળી પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમતા હતા. જરોદ પોલીસ સ્ટાફના માણસોએ કોર્ડન કરી જુગાર રમતા (૧) સાગરભાઈ શિતુભાઈ વસાવા ઉ.વ.૨૭ રહે. રસુલાબાદ, નવીનગરી, તા-વાધોડીયા (૨) પ્રિયાંકભાઈ દિલીપભાઇ શ્રીમાળી ઉ.વ.૨૮ રહે. મધુવન નગરી, તા-વાધોડીયા (૩) ચેતનભાઇ ચિમનભાઈ રોહીત ઉ.વ.૩૯ રહે. જરોદીયાપુરા, નવીનગરી, તા-વાધોડીયા (૪) મહેશભાઇ રામાભાઈ બજાણીયા ઉ.વ.૩૨ રહે.રસુલાબાદ, નવીનગરી, તા-વાધોડીયા તમામને પકડી પાડી તેઓની અંગ ઝડતી રૂ,૭,૨૮૦/- દાવ ઉપરના રોકડા રૂ.૪૦૧૦/- મળી કુલ ૧૧,૨૯૦/- ના મુદ્દામાલ કબ્જે કરી ચારે વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

# નસવાડીના પિસાયતા ગામે ગેરકાયદે ખોદકામ કરતા 3 જેસીબી પકડાયા

**જેસીબી** મશીનો કેબલ નાખવાની કામગીરી કરતા હતા

(પ્રતિનિધિ) નસવાડી, તા.31

નસવાડી તાલુકાના પિસાયતા ગામે જંગલ વિસ્તારમાં વન વિભાગની મંજૂરી વગર ખોદકામ કરતા 3 જેસીબી વનવિભાગે પકડી પાડયા અને નસવાડી રેન્જ ફોરેસ્ટ ઓફિસમાં લાવીને જપ્ત કર્યા જયારે આ જેસીબી મશીનો કેબલ નાખવાની કામગીરી કરતા હતા.

નસવાડી તાલુકાના પિસાયતા ગામે જંગલ ની જમીન માં એરટેલ લિમિટેડ ખાનગી કંપની દ્વારા વનવિભાગ ની જમીન માં ગેરકાયદેસર રીતે ખોદકામ કરી કેબલ નાખવાની કામગીરી માટે જેસીબી મશીન નો ઉપયોગ થતો હોવાથી વનવિભાગ ને જાણ થતા વનવિભાગ ના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાકેશભાઈ વણકર પિસાયતા ગામે પહોંચી ને ત્રણ જેસીબી મશીન ઝડપી પાડયા હતા જેસીબી મશીન જપ્ત કરીને કાયદેસર ની કાર્યવાહી કરી હતી જેમાં વનવિભાગ ની મંજૂરી વગર કેબલ નાખવાની કામગીરી માટે જંગલ ની જમીન ખોદવામાં આવી હતી તેનો પંચકયાસ કરવામાં આવશે અને કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે નસવાડી તાલુકામાં વનવિભાગ ની આ કાર્યવાહી થી વગર મંજૂરી એ વનવિભાગ ની જમીન માં પ્રવેશ કરનારા લોકો માં ફફડાટ વ્યાપી ગયો છે જયારે નસવાડી તાલુકામાં ખાનગી કંપની કેબલ નાખવા માટે આડેધળ કામગીરી કરે છે જયારે પંચાયત માર્ગ મકાન વિભાગ ના રસ્તાઓને પણ નુકશાન પહોંચાડે છે.



ઉપરોક્ત તસવીરમાં ઝડપી પાડેલા જેસીબી દ્રશ્યમાન થાય છે

# છોટાઉદેપુર ખાતે મદદનીશ વન રક્ષક અધિકારીને ઓપરેશન ગંગાજળ હેઠળ નિવૃત્તિ કરાયા

**નિવૃત** થવામાં મદદનીશ વનરક્ષક અધિકારી ને દોઢ વર્ષ નો સમય બાકી હતો

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.31

છોટાઉદેપુર ખાતે મદદનીશ વનરક્ષક વનવિભાગ ના અધિકારીને ઓપરેશન ગંગાજળ હેઠળ નિવૃત્તિ ના સમય પહેલા નિવૃત કરી દેવાતા છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ ક્લાસ 2 અધિકારીને ઓપરેશન ગંગાજળ હેઠળ નિવૃત થવાનો વારો આવ્યો હતો.

ગુજરાત રાજ્ય માં ઓપરેશન ગંગાજળ હેઠળ ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓની ફરિયાદો અધિકારીઓ ઉપર થઈ હોય તેઓને વયનિવૃત્તિ પહેલા રાજ્ય સરકાર નિવૃત કરી દે છે તે જ રીતના છોટાઉદેપુર ના મદદનીશ વનરક્ષક અધિકારી કંચનભાઈ મુળજીભાઈ બારીયા ને વર્ગ બે અધિકારી તરીકે છોટાઉદેપુર ખાતેની કચેરી માં ફરજ બજાવતા હતા તેઓને નિવૃત થવા માં દોઢ વર્ષ નો સમય બાકી હતો પરંતુ તેઓને વન અને પર્યાવરણ વિભાગ ના ઉચ્ચ સચિવ દ્વારા વયનિવૃત કરી દઈને તાત્કાલિક ધોરણે છુટા કરવાનો આદેશ કરવામાં આવતા છોટાઉદેપુર જિલ્લાના સરકારી કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે રાજ્ય સરકાર ના મિશન ગંગાજળ હેઠળ સમય કરતા પહેલા નિવૃત કરવાનો કિસ્સો છોટાઉદેપુર જિલ્લામાં પહેલી ઘટના છે જેનાથી છોટાઉદેપુર જિલ્લા માં ફરજ બજાવતા અધિકારીઓ નિવૃત્તિ નો સમય નજીક હોય તેવા અધિકારીઓને હવે ડર ભરાયો છે જયારે આ મદદનીશ વનરક્ષક અધિકારીની વિરુદ્ધ માં ખાતાકીય તપાસ બાબતે છોટાઉદેપુર ડીસ્ટ્રીકટ ફોરેસ્ટ ઓફિસર વી.એમ.દેસાઈ ને પુછાતા તેઓએ જણાવ્યું કે નિવૃત થવા માં મદદનીશ વનરક્ષક અધિકારી ને દોઢ વર્ષ નો સમય બાકી હતો.



## ડભોઈના એસ.ઓ.યુ.ના ઓરસંગ રેલવે બ્રીજ પર ૧૧ વર્ષીય દિપડાનું મોત



ડભોઈ એકતા નગર રેલ માર્ગ પર ઓરસંગ નદી પર ના બ્રીજ પર ૧૧ વર્ષીય દિપડાનુ ટ્રેન ની અડફેટે કરુણ મોત નિપજયુ છે. ડભોઈ તાલુકા એકતા નગર રેલ માર્ગ પર ઓરસંગના બ્રીજ નજીક ઓરસંગ ગામડી નજીક ટ્રેન ની અડફેટે મોત નિપજયુ છે બનાવની જાણ ડભોઈ વન વિભાગને થતા વન વિભાગની ટીમ ઘટના સ્થળે આવી વન વિભાગની કચેરી એ લાવી પોષ્ટમોર્ટમ કરી મૃતદેહ ને અગ્નિસંસ્કાર કરવામા આવ્યા હતા ડભોઈ ઓરસંગ બ્રીજ પર દશ દિવસ મા બીજા બનાવ મા દિપડા નુ મોત થયુ છે ડભોઈ તાલુકાના ઓરસંગ પટમા ચાલતી ચર્ચા મુજબ વન વિભાગ દ્વારા દિપડાની જાળવણી માટે યોગ્ય કાર્યવાહી કરવામા આવે.

# વાઘોડિયા જિલ્લા માર્ગ મકાન વિભાગની બેદરકારીએ અકસ્માતોનો સીલસીલો યથાવત્

**રોડ** પર સ્પીડ બ્રેકર લગાવ્યા બાદ પટ્ટા મારવાનુ ભુલી ગયા

(પ્રતિનિધિ) શિનોર, તા.31

વાઘોડિયા નગર માંથી પસાર થતા જિલ્લા માર્ગ મકાન વિભાગ હેઠળ આવતા રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતની સંભાવના હોય તેવા સ્થળો પર ગતિ અવરોધક સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા છે. જેના કારણે શાળા, કોલેજ, હોસ્પિટલ અને ધાર્મીક સ્થળો નજીકના સ્થળોએ વાહનની ગતિ ધીમી પડે અને અકસ્માત સર્જાય નહીં તે માટે સ્પીડ બ્રેકર લગાડવામાં આવે છે. પરંતુ આ સ્પીડ બ્રેકર પર કોન્ટ્રાક્ટર અથવા તો ડિપાર્ટમેન્ટ દ્વારા થર્મોપ્લાસ્ટ પટ્ટા તેની નજીક સૂચિત બોર્ડ અને કેટાઈ (રિપ્લેક્ટેડ પટ્ટી) રોડપર લગાડવામા નહિ આવતા બમ્ફથી અજાણ વાહનચાલકો અકસ્માતનો શિકાર બને છે.



ઉપરોક્ત તસવીરમાં સ્પીડ બ્રેકર પર પટ્ટા લગાવવાનું ભૂલી ગયા તે દ્રશ્યમાન થાય છે

# કવાંટ અને છોટાઉદેપુર સબ ડિવિઝનમાંથી રૂ. 29.66 લાખની વીજ ચોરી ઝડપાઈ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.31

છોટાઉદેપુર જિલ્લા બોડેલીની મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ડિવિઝનની કચેરીના સબ ડિવિઝન છોટાઉદેપુર અને કવાટ દ્વારા સબ ડિવિઝન ની ૧૫ અને બરોડા વિજિલન્સ ડિપાર્ટમેન્ટ ૨૪ ટીમો કુલ ૩૯ ટીમો બનાવીને વીજ ચોરી તપાસ કરતા ૨૯.૬૬ લાખની વીજ ચોરી ઝડપાઈ હતી. જેના કારણે વીજ ચોરી કરતા લોકોમાં ફાફડાટ વ્યાપ્યો હતો.

બોડેલી ડિવિઝન મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ ના સબ ડિવિઝન કવાટ અને છોટાઉદેપુર દ્વારા ૧૫ ટીમો તેમજ બરોડા વિજિલન્સ ડિપાર્ટમેન્ટની ૨૪ કુલ ૩૯ ટીમ બનાવીને તારીખ ૨૮ જાન્યુઆરીના રોજ કવાટ તાલુકાના રૂમડીયા, હમીરપુરા, માળકા અને અને હેરાન ફીડર પર રેલ્વે સ્ટેશન પેલેસ રોડ રેલવે સ્ટેશન વીજ ચોરીના ૯૬૬ કનેક્શન ચેક કરતા ૧૦૧ કનેક્શનમાં વીજ ચોરી ઝડપાઈ હતા.